સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

બાંધેલા બળદ અચાનક વટકે નહીં, જો-જો !
અત્યાર સુધી દાબી કમાન છટકે નહીં જો-જો !
ઘરમાં સંતાઈ ગ્યો'તો ચેપ, ચટકે નહીં જો-જો !
શિસ્તભરી શાંતિ, અચાનક ફટકે નહીં જો-જો!

હાઈકુ

વ્યવસ્થાપન
નું સખળ - ડખળ
થાય ના જો-જો!

વ્યાપ વિસ્ફોટ
ચેપની ચિનગારી -
કરે ના જો જો !

ચિંતન

બડે સનેહ બધુન્હ પર કહહીં, ગિરિ નિજ સિરનિ સદા તૃન ધર હી ।
જલદિ અગાદ મૌતિ બહુ હેતુ, સંતત ધરનિ ધરત શિર રેણુ ॥

ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

મોટાં વડીલો, મહાન માણસો, સંતો, વિશાળ હૃદયવાળા તે જ છે જે લોકો નાના ને માન-સન્માન આપે છે. આ અર્થને સમજાવવા પ્રકૃતિ તત્ત્વોના સનાતનથી પુષ્ટિ આપે છે.

પર્વતો ખડકાળ અને વિશાળ હોવા છતાં ઊંચા અને મજબૂત હોવા છતાં પોતાના મસ્તકે, પોતાની ટોચે નાનાં - નાનાં તણખલાને રાખી તેનું સન્માન સાચવી પોતાના માથે ચડાવે છે.

સમુદ્ર વિશાળ અને અગાધ છે, તેનાં મોજા તેની વિરાટતાનાં દર્શન કરાવે છે, પણ તદ્દન હલકાં તુચ્છ અને તત્ત્વ વિનાનાં ફીણને પોતાના મસ્તકે ચઢાવે છે. એટલે કે ફીણ તરતાં રહે છે.

પૃથ્વી પણ વિશાળ અને અનંત હોવા છતાં 'ધૂળ જેવી' રજકણને પોતાને મસ્તક ચઢાવે છે. સાર એ છે કે વિશાળ હૃદય લોકોની એ જ મહાનતા છે, નાના, તુચ્છ, સંકુચિતોને પણ સાચવી લે છે અને સન્માન આપે છે.

સુવિચાર

- વિવેક વૈરાગ્ય થાય ત્યારે બંધાયેલા જીવ મુક્ત થાય - **ધર્મલોક**
- સહન કરવાના ગુણ જેવો બીજો એક ગુણ નથી, બુદ્ધિ એરણના જેવી સ્થિર રાખવી - **રામકૃષ્ણ પરમહંસ**
- જ્ઞાન થયા પછી માણસ સંસારમાં કાચના ઘરમાં બેઠો હોય તેવો લાગે છે, અંદરથી પણ જોઈ શકે છે અને બહારથી પણ જોઈ શકાય છે - **બોધિ વૃક્ષ**
- પ્રેમનાં ચક્ષુથી વ્યર્થ સંસારમાં છુપાયેલા પરમાત્મા દૃષ્ટિગોચર થાય છે - **આચાર્ય રજનીશ**
- જાણી લીધું આ જિંદગી કેવળ મજાક છે, સીદા દીસે જયાં માર્ગ, ત્યાં નાજુક વળાંક છે - **યોસેફ મેકવાન**
- ઈશ્વર એક છે, એને પ્રેમ કરવો હોય તો મનુષ્ય સાથે પ્રેમ કરો, આપણા ભાઈઓને પ્રેમ કરો, એ પ્રેમ પૂરા મન, વચન, અને કર્મથી થવો જોઈએ - **યહુદી ધર્મનો ધ્વનિ**
- આજનું ઔષધ : નારિયેળ પાણીમાં ટામેટાનો રસ મળવી ખંજવાળની જગ્યાએ હળવા હાથે માલિશ કરવાથી ખંજવાળ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

૧૯૨૬માં ગાંધીજી કન્યાકુમારી થઈને નાગરકોઈલ પહોંચ્યા. ગાંધીજીને કન્યાકુમારીનું કુદરતી સૌંદર્ય ખૂબ ગમ્યું. બીજે દિવસે કાકા સાહેબ પણ નાગરકોઈલ પહોંચ્યા. ગાંધીજીને મળવા પહોંચેલા કાકાસાહેબને ગાંધીજીએ કહ્યું, 'એક વાર તમે કન્યાકુમારી જરૂર જજો. અહીંયાથી નજીક છે.' કાકાસાહેબની ઈચ્છા હતી કે ગાંધીજી પણ તેમની સાથે ફરી વાર કન્યાકુમારી આવે. તેમણે ગાંધીજીને કહ્યું, 'તમે પણ આવશો ને ?' ગાંધીજીએ કહ્યું, 'એક જ સ્થળે ફરવાની દષ્ટિએ કન્યાકુમારી ફરીવાર જવું મારા માટે યોગ્ય નથી. એક વખત જઈ આવ્યો છું એ પૂરતું છે.' આવો જવાબ સાંભળી કાકાસાહેબ જરા ઉદાસ થઈ ગયા. ઉદાસીને પારખીને ગાંધીજીએ કાકાસાહેબને કહ્યું, 'જુઓ, હું હાલ અંગ્રેજો વિરુદ્ધનું મોટું આંદોલન લઈને બેઠો છું. હજારો સ્વયંસેવક દેશની આઝાદી માટે કાર્ય કરી રહ્યા છે. જો હું રમણીય દશ્ય જોવાનો લોભ ત્યાગી ન શકું. તો બધાં સ્વયંસેવક મારું જ અનુકરણ કરવા લાગશે. હવે આપ હિસાબ લગાવો કે આમ કેટલા બધા માનવ કલાકો વેડફાઈ જશે ? મારા માટે સંયમ રાખવો જ સારો છે અને મારા માટે જરૂરી પણ છે.' બાપુની ભાવભરી દલીલથી કાકા સાહે આશ્વસ્ત થઈ ને સમજીગયા કે બાપુ માટે અંગત સુખ અને રમમીય દશ્યોના આનંદથી વધુ જરૂરી છે ભારત દેશ.

પ્રકૃતિ તરફ પાછા વળવાની આ સોનેરી તક

તંત્રીસ્થાનેથી...

કોરોનાકાંડ સતત લંબાઈ રહ્યો છે. આખી દુનિયા એની આણ સ્વીકારીને સ્થગિત થઈ ગઈ છે. કોશિસ તો એને પરાજિત કરી નેસ્તનાબૂદ કરવાની થઈ રહી છે. પરંતુ આ બ્રહ્મરાક્ષસ એમ સહેલાઈથી હાર માને એમ નથી. વિશ્વ આખાને ભરખી જવા ક્ષુધાતુર બનેલા ચીની વાઈરસ માનવજાતના માથે આવેલું કદાચ સહસ્રાબ્દીનું સૌથી મોટું સંકટ છે. વિવિધ સ્તરે એને નાથવાના પ્રયાસો થઈ રહ્યા છે; અન્ય રોગોમાં અકસીર નીવડેલી દવાઓની એના પર કેટલી અસર થાય છે એના પ્રયોગો થઈ રહ્યા છે અને એની રસી શોધવા માટે લગભગ દરેક પ્રગતિશીલ દેશમાં કોશિશ થઈ રહી છે. કોરોના બહુ જલ્દી મેદાન છોડે એમ નથી એની પ્રતીતિ તો બધાને જ થઈ જ ચૂકી છે. કોરોના પૂર્વની દુનિયા કરતાં કોરોના પછીની દુનિયાનો ચહેરો તદ્દન જુદો હશે. ખબર નહીં, લોકો હવે પ્રવાસ કરવાનું પસંદ કરશે કે કેમ. પ્રાઈવેટાઈઝેશનનો યુગ હવે શરૂ થયો હતો એ હવે ટકશે કે કેમ - એ પણ પ્રશ્ન છે. અનેક ખાનગી એરલાઈન્સ દેવાળિયા બની ચૂકી છે. સરકાર બચાવી બચાવીને કેટલાને બચાવશે ? રિઝર્વ બેન્ક કેટલાનાં દેવા માંડવાળ કરશે ? અનેક પ્રશ્નો સરજાતા રહેશે. શિક્ષણ લકવાઈ ગયું છે. શાળાઓ ક્યારે ખૂલશે, ખૂલશે ત્યારે કેવી તકેદારી રાખવી પડશે - એ કોયડો છે. દરમિયાન સૌથી મોટું નુકશાન હોટલ ઉદ્યોગને થવાનું છે. લોકો બહારનું ખાવાનું પસંદ કરશે ખરાં ? શી ખાતરી કે એ કોરોનાગ્રસ્ત નહીં હોય ! નાનામોટાનો ભેદ ભૂંસાઈ જાય એવા સંજોગો સર્જનાર કોરોના ઉદ્યોગપતિઓને મજૂર આગળ ઘૂંટણિયે પાડી દેશે. સરકારે મજૂરોને વતનભેગા કરવાની વ્યવસ્થા કરી આપી કે તરત જ ફેકટરી માલિકોનો મૂડ મરી ગયો છે. મજૂરો વતનથી પાછા ફરીને કોરોનાગ્રસ્ત ધંધાનાં ક્ષેત્રોમાં પાછા ફરવાનું પસંદ કરશે કે કેમ તે પ્રશ્ન છે. અત્યાર સુધી અપ્રિય રહેલા સરકારી હોસ્પિટલોના ડૉકટરો હવે હીરોના રોલમાં આવી ગયા છે. ત્રણ મહિના અગાઉ કોઈ સરકારી ડૉકટર પાસે સારવાર લેવા જવાનું ભાગ્યે જ પસંદ કરતું હતું. એમની એટલી હદે અનિવાર્યતા ઊભી થઈ છે કે દેશની સેનાની ત્રણે પાંખો એમને સલામી આપતી થઈ ગઈ. ખરું પૂછો તો જીવના જોખમે કોરોનાગ્રસ્ત દરદીઓની સારવાર કરનારા આ ડૉકટરો, નર્સો, પેરા મેડિકલ સ્ટાફ અને પોલીસદળ જ આ કોરોનાયુગના દેવદૂતો બની માનવજાતની વહારે ધાયા છે. એમને સેનાધિપતિના નેતૃત્વમાં કાશ્મીરથી કન્યાકુમારી અને કામાખ્યાથી કચ્છ સુધી હવાઈ ઉડ્ડયન ભરી સલામી અપાય કે એમની કોવિડ હોસ્પિટલો પર પુષ્પવૃષ્ટિ થાય તે કદરદાનીની દૃષ્ટિએ યોગ્ય જ ગણાશે. એથી વધુ અગત્યની બાબત આવા પરિવારોનાં શહીદ થયેલા કોરોના યોદ્ધાઓની પવિત્ર સ્મૃતિમાં કોવિડ હોસ્પિટલોનાં નામકરણ થાય અને પરિવારોના યોગક્ષેમની સંપૂર્ણ કાળજી લેવાય તે છે. કોરોનાએ આપણી આંખો ઉઘાડી છે. ભૌતિક સંપત્તિ, માનમરતબા અને પદનો મદ કેટલો ક્ષુલ્લક છે એનો અહેસાસ કરાવી કોરોનાએ માનવજાતને પ્રકૃતિ તરફ પાછા વળવાનો સંકેત કરી દીધો છે.

દુનિયાના ૮૪ દેશોએ લાગુ કરેલ ઈમરજન્સી કાયદો : લોકોની આઝાદીના મુખ્ય કાયદાને હાંસિયામાં ધકેલી કેટલા દિવસ રોગચાળાના નામે ઈમરજન્સી કાયદાનો અમલ કરાવી શકશે તે નક્કી નથી

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

કોવિડ-૧૯ વાયરસ સામે લડવા માટે ચેપગ્રસ્ત લોકો ઉપર નજર રાખવા અને તેમને કવોરન્ટાઈન કરવાની જરૂર પડે છે. જેનો અર્થ પ્રાયવસીમાં હસ્તક્ષેપ દરેક દેશોએ કોવીટ-૧૯ નો કાયદો બનાવી ફાયદો ઉઠાવી રહ્યા છે. પત્રકારો અને માનવ અધિકારના કાર્યકર્તાઓ પણ બહાર નિકળી શકતા નથી એટલે કોઈ જાણી શકતુ નથી કે દુનિયામાં કોણ કેટલા મર્યા? શું સ્થિતિ છે?

રોગચાળાનો લાભ લઈ અનેક શાસકોએ અધિકારો મેળવ્યા છે

બીમારી અને ખોટી માહિતી ખતરનાક હોઈ શકે છે અનેક શાસકો ફેક ન્યુઝના નામે પોતાની ટીકાને પણ ફેક ન્યુઝ ગણાવી રહ્યા છે. દુનિયાભરના લોકો દોષનો ટોપલો ચીન ઉપર ઢોળી રહ્યા છે પરંતુ ચીન કોઈપણ કાયદાકિય રીતે ગુન્હેગાર છે તેમ સાબીત કરી શકતા નથી. ડબલ્યુએચઓની આર્ટીકલ ૬૩ અને ૭૫ મુજબ ચીન ઉપર ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસમાં કેસ દાખલ કરી શકાય છે પરંતુ આના માટે મજબુત પુરાવા જોઈએ. ચીનમાં વ્યક્તિ સ્વતંત્રતા નથી, પત્રકારો ઉપર પ્રતિબંધ છે. માનવ અધિકાર જેવું કોઈ નથી તેથી સાચા સમાચારો દુનિયાને દેખાડી શકતા નથી. ચીની શાસકો જે બતાવે છે તે જ દુનિયાએ જોવું પડે છે.

ડબલ્યુએચઓના આર્ટીકલ ૬૩ માં કહેવાયુ છે કે ડબલ્યુએચઓના દરેક સભ્યોએ માસ નિયમો, કાયદાઓનો ઓફિસીયલ રીપોર્ટ અને આંકડાઓ ડબલ્યુએચઓને આપવાના રહેશે. આ બન્ને આર્ટીકલ ટાંકીને ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસના કેટલાક જજોને યુનોએ અપીલ કરી છે કે કોરોનાથી ગંભીર શારિરીક, મનાસીક, આર્થીક અને સામાજીક રીતે થયેલા નુકશાનની ભરપાઈ માટે ચીને આગળ આવવું જોઈએ. વુહાનની લેબોરેટરીમાં ટેસ્ટ કરતા ચેપ ફેલાયો છે.

ચીનનો ઈતિહાસ છે કે તે સરખુત્યાર શાહિ માટે જાણીતો છે કેટલાય કિસ્સામાં તેણે ઈન્ટરનેશનલ કોર્ટના માર્ગદર્શનને કે સૂચનોને અવગણ્યા છે. ચીન સામે કોઈ એક દેશ કેસ કરવા સામે આવે તો તેને વ્યક્તિગત સમર્થન મળે નહિ. સોવેરેટી ઈમ્યુનિટી પ્રિન્સીપાલ લૉ મુજબ ચીન સામે અમેરીકાની કોર્ટમાં કોઈ કેસ ચાલી શકે નહિ. ૧૯૫૨માં અમેરીકામાં આવો કાયદો હતો પરંતુ ૧૯૭૬ માં આ કાયદામાં સંશોધન કરી અને ફોરેન સોવેટીન ઈમ્યુનિટી એકટ બનાવ્યો તેમાં સરકારને બદલે કોર્ટ કાનુની જવાબદારી નક્કિ કરે છે. આથી આ એકટ મુજબ પ્રાઈવેટ કંપનીઓ ઉપર કેસ થઈ શકશે પરંતુ ચીન સ્વાંતત્ર્ય દેશ છે ત્યારે આ કાયદા મુજબ ચીન ઉપર કેસ ચાલી શકે નહિ.

દરેક જગ્યાએ લોકો ડરેલા છે. નેતાઓ જનતાના આરોગ્યના નામે દમનકારી અધિકાર મેળવી રહ્યા છે. સરમુત્યારો ખુશ છે કે તેમને તેમની વિરૂધ્ધના પ્રવચનો કરવા ઉપર પ્રતિબંધ લગવાની તક મળી ગઈ છે. ભારત, રશીયા, આફ્રિકા અને બ્રીટન, અમેરીકાના મોટાભાગના રાજયોમાં આ કારણે ચુંટણીઓ સ્થગીત કરી દીધી છે.

ચીનના રાષ્ટ્રપતિ જીન પીંગે ૧૭ એપ્રિલના રોજ હોંગકોંગની બાબતે ચીનની સરકારના હસ્તક્ષેપ પર રોક લગાવતા કાયદાને માનવાનો ઈન્કાર કરી દીધો છે. કોવિડ-૧૯ ના બહાને ૮૪ દેશોમાં ઈમરજન્સી કાયદો લાગુ કરી કાર્યપાલીકાના વધુ અધિકારો અપાયા છે. રોગવાળો લોકોને વધુ ગરીબ બનાવશે, બીમાર બનાવશે, ગુસ્સો વધારશે પરિણામે જનઆક્રોશનો ભોગ સરકારે બનવું પડશે. પ્રજાની તકલીફોનો સામનો કરવામાં નિષ્ફળતા તેમના વિરૂધ્ધ જશે તેમની સત્તા અખંડ અને અજય રહેવાની ધારણા પણ ખોટી સાબીત થશે.

પોલીસ દંડા મારીને કેટલા દિવસ લોકડાઉન કરાવી શકે તે એક પ્રશ્ન છે. લોકો સત્તાનો દુરઉપયોગ કરી રહ્યા છે. ગરીબ વર્ગ, મજુર વર્ગ વધારે સમય બેરોજગાર રહી શકે તેમ નથી. સરકારમાં લોકોનો વિશ્વાસ ઘટશે અત્યારે સ્વતંત્રાતાથી વધુ આરોગ્ય મહત્વનું દરેક દેશે માન્યુ છે. સેન્શરશીપથી માહિતી રોકાય છે અને વાયરસ સબંધીત પુરાવાઓ મળી શકતા નથી. સોશ્યલ ડિસ્ટસીંગના પક્ષપાતી નિયમથી સરકારમાં લોકોનો વિશ્વાસ ઘટે છે.

લોકો પોતાના બંધારણીય અધિકારો ઉપર તરાપ સમાન ગણી રહ્યા છે. લોકોને લોકડાઉનમાં રાખવા હોય તો અનાજ, પાણીની સુવ્યવસ્થા સરકાર પક્ષે કરવી જોઈએ.

કઠીણાઈ એ છે કે જાગૃત અને પ્રગતિશીલ સમાજ રચવાના દાવા સામે ડીજીટલ ઈન્ડીયાને જોરશોરથી ઉત્તેજન આપવામાં આવ્યું પરંતુ આજે એ જ ડીજીટલ માધ્યમ પામર સાબીત થઈ રહ્યુ છે. ખરેખર તો ડીજીટલ માધ્યમ લોકોને એવી ભીડમાં ફેરવી રહ્યું છે કે કોઈ ખબર સાચી છે કે ખોટી એ નક્કિ કરવાને શક્તિમાન જ નથી. મોબલોન્ચીગના બનાવો બનતા સામુહિક ટોળા દ્વારા નિર્દોષ વ્યક્તિની હત્યા સુધીના બનાવો બનવા લાગ્યા છે. પોલીસ તંત્ર ભીડ ઉપર નિયંત્રણ રાખી શકતી નથી. પોલીસ સામે જ લોકો નિર્દોષ વ્યક્તિ ઉપર દમન ગુજારતા અટકતા નથી. ઉલટાનું તંત્ર પણ પબ્લીકના રોષનો ભોગ બન્યા છે.

લોકડાઉનથી સરકારને ફાયદો જ થશે એવું માનવું એ બરાબર નથી. લોકડાઉન

અનુસંધાન પાના નં ૭ પર

સાચને પડખે પરાજય હો ભલે, તે છતાં પાછું હવે ફરવું નથી

WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

'સાચને પડખે રહીને ઝઝૂમતાં
આપણે પળવાર પણ ખસવું નથી...'

- મકરંદ દવે

ગઈકાલે એટલે કે ત્રીજી મે એ 'વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે' હતો. ધ યુનાઈટેડ નેશન્લ જનરલ એસેમ્બલી દ્વારા આ દિવસને 'વર્લ્ડ પ્રેસ ડે' તરીકે પ્રસ્થઆપિત કરવામાં આવ્યો છે. સમગ્ર વિશ્વમાં પત્રકારત્વ, અને પ્રિન્ટ મીડિયાનો એક અતિ મહત્ત્વનો રોલ વર્ષોથી રહેલો છે. 'માન્ચેસ્ટર ગાર્ડિયન' અને 'ઓબ્ઝર્વર' અખબારોના ભૂતપૂર્વ તંત્રીની આત્મકથા જોન ડગલાસ સ્પ્રીંગલ આદર્શ તંત્રી અંગે જે બાબતોનો ઉલ્લેખ કરે છે તે આજે પણ આજના પત્રકારત્વ ક્ષેત્રે એટલી જ મહત્ત્વની છે :

મારી દૃષ્ટિએ સારો તંત્રી શારીરિક, માનસિક અને નૈતિક રીતે ખડતલ હોવો જોઈએ. લાંબા કલાકો સુધી સતત કામ કરવા માટે તેનું સ્વાસ્થ્ય સારું હોવું જોઈએ.

તંત્રી માનસિક રીતે ખડતલ હોવો જોઈએ, કારણ કે તેણે વિવિધ વિકલ્પોમાંથી પસંદગી કરીને નિર્ણય લેવાનો હોય છે. ફોટા, સમાચારો, અહેવાલો વગેરે વચ્ચે તુલના કરીને પસંદગી કરવાની હોય છે. તેની નીચેના સ્ટાફને વિવિધ સત્તા અને કામ સોંપવામાં જ અને તેમને શિસ્તમાં રાખવામાં તંત્રીની અડધી શક્તિ ખર્ચાઈ જાય છે.

તંત્રીમાં નૈતિક ખડતલપણું પણ હોવું જોઈએ. બાહ્ય દબાવથી તે પર હોવો જોઈએ. આવું દબાણ સંચાલકો તરફથી કદાચ આવે, રાજકારણીઓ તરફથી પણ આવે. કોઈ મોટી વ્યક્તિ મિજાજ પણ ગુમાવે. પરંતુ તે સમયે મને ખોટું લાગતું નથી. કારણ કે જેમ મને મારો અભિપ્રાય વ્યક્ત કરવાની સ્વતંત્રતા છે, તેમ મારા વાચકને પણ તે સ્વતંત્રતા છે.

ઉપરાંત તંત્રીને નાની નાની ભૂલો માટે જાગૃત રહેવું પડે છે. રિપોટરો ઉતાવળે અહેવાલ લખે અને સમય જાળવવો હોય એટલે કોઈ વખત ભૂલ તો રહી જ જાય. મેં જે જે વર્તમાનપત્રોમાં કામ કર્યું છે ત્યાં વિગતોની ભૂલ, છાપકામની ભૂલ વગેરે નિવારવા સખત જહેમત ઉઠાવી છે. છતાંય માનવમાત્ર ભૂલને પાત્ર છે. જનતા તો પૂર્ણતા માગે છે. પણ જનતા જાણતી નથી કે એક પુસ્તક વરસે કે છ મહિને તૈયાર થાય છે, મોજથી તેનાં પ્રૂફ વંચાય છે, એમ છતાંય પુસ્તકોમાં ભૂલો રહી જાય છે. તો પછી વર્તમાનપત્ર તો 'પિસ્તોલની અણીએ' તૈયાર થયું હોય છે, માત્ર બાર કલાકના ગાળામાં તેણે પૂર્ણતાએ પહોંચવાનું હોય છે.

વર્તમાનપત્રની રાજકીય નીતિ અંગે પણ તંત્રીએ જાગૃત રહેવું પડે છે. જો તંત્રી સાથે માલિકો વગર સંચાલકો મળતા ન થાય તો ? જો કે મોટે ભાગે વર્તમાનપત્રના માલિકોને તંત્રીના રાજકીય વલણની જાણ હોય છે. ઉપરાંત જો તંત્રી મૂરખ ન હોય તો તેના વર્તમાનપત્રની નીતિને અને માલિકોની નીતિને પણ જાણતો જ હોય છે. મારા અનુભવ ઉપરથી મને સમજાય છે કે તંત્રીએ એક વખત પોતાની નિમણૂક સ્વીકારી લીધા પછી માલિકોને વર્તમાનપત્રની નીતિનો નિર્ણય કરવાની છૂટ આપવી જોઈએ. તેનો મત ભિન્ન થતો હોય તો તેને રાજીનામું આપવું જોઈએ. આખરો તે, વર્તમાનપત્ર એ પણ બીજી મિલકોતની માફક એક મિલ્કત છે. માલિક અમુક નીતિનો આગ્રહ રાખે તે વાજબી છે. ઘણા પત્રકાર એમ દલીલ કરે છે કે 'તંત્રી સાચા હોય છે અને માલિકો ખોટા હોય છે' - આ વાત હું સ્વીકારતો નથી. એવો કોઈ કુદરતી કાનૂન નથી કે તંત્રીમાં દૈવી ડહાપણનો ભંડાર ભરી દેવાય છે. લંડનના 'ટાઈમ્સ' તંત્રીએ બીજા વિશ્વયુદ્ધ પહેલાં જર્મનીના નાઝીવાદને પુરસ્કૃત કર્યો હતો, તે ખોટું હતું તે હવે આપણને સમજાય છે. એ પછીના તંત્રીએ રશિયાને ખુશ કરવાની નીતિ અપનાવી હતી, તે કેટલી ખોટી હતી તે પણ આજે સમજાય છે.

મારી દૃષ્ટિએ તો તંત્રી અને માલિક બંને એક જ વ્યક્તિ હોય તે શ્રેષ્ઠ સ્થિતિ છે. પણ તેવી સ્થિતિ ન હોય ત્યારે તંત્રીએ માલિકોની મરજી આગળ નમતું જોખવું પડે છે. વાસ્તવમાં ભાગ્યે જ માલિકો દખલ કરતા હોય છે. લંડનના 'ટાઈમ્સ'ના તંત્રીઓને મોટે ભાગે આવી સ્વતંત્રતા મળી છે. વેડ્ઝવર્થ તંત્રી હતા ત્યારે મેં ઉપર વર્ણવેલા ગુણો તેનામાં હતા. તે કદી થાકતા નહિ. લાંબા કલાકો સુધી કામ કરતા, ભાગ્યે જ કોઈ રજા ભોગવતા. તેમના ઉત્સાહ અને કામ અંગેની તન્મયતામાં ઓટ જ ન આવતી. તે તત્કાલ નિર્ણય લેતા, ને પછી પોતે ખેટા ઠરશે તે બાબતની ચિંતા પણ ન કરતા. વેડ્ઝવર્થને માલિકો તરફથી સંપૂર્ણ છૂટ હતી.

દરેક તંત્રીને સમાજ, દુનિયા અને તેના રાજકારણ વિશે સ્પષ્ટ મતો હોતા નથી. મારામાં પણ એવી કોઈ સ્પષ્ટતા નહોતી. હું સાચો જ છું અને જે મત વ્યક્ત કરું તેને પડકારી જ ન શકાય, તેવું હું માનતો નહિ. મારા પત્રકારત્વની કારકિર્દી પછી અત્યારે હું એક તારણ ઉપર આવ્યો છું એ તારણ બીજા પત્રકારોને અને તંત્રીઓને માર્ગદર્શન બની શખે તે માટે અહીં લખું છું : કોઈ પણ તંત્રી કે માનવી પોતે સાચો હોય તેના કરતાં તે વિવેકબુદ્ધિવાળો હોય તે વધુ મહત્ત્વનું છે.

લોકશાહીમાં કોઈ પણ વર્તમાનપત્ર તર્કસંગત રીતે દલીલો રજૂ કરે તો તે ઉપયોગી સેવા કરી શકે છે. કદાચ પાછળથી તે દલીલો ખોટી પણ ઠરે. બીજાં વર્તમાનપત્રો પણ એ સમયે વિરુદ્ધની દલીલો કરતાં હોય છે. તંત્રી કાંઈ ઈશ્વરનો અવતાર નથી. તંત્રી લોકશઆહીની પ્રક્રિયાનો એક ભાગ છે. સત્ય ભણી પહોંચવા સમાજ આ પ્રક્રિયામાંથી પસાર થાય છે ત્યારે ભૂલો પણ થતી હોય છે. જો આપણે આટલું સ્વીકારી લઈએ તો પછી આપણે આપણા વિરોધીઓ પ્રત્યે વધુ સહિષ્ણુ બનીશું. (કારણ કે કદાચ આપણા વિરોધી સાચા હોય.) આપણે વાજબી દલીલો કરવી જોઈએ અને પ્રતિપાદન કરવા મહેનત કરવી જોઈએ. તંત્રીની મુખ્યફરજ તેના વર્તમાનપત્ર કે તેના માલિક પ્રત્યે કે તેના રાજકીય પક્ષ પ્રત્યેની નથી, પણ વિવેકપુરઃસરની ચર્ચાવિચારણા માટેના મુખ્ય સિદ્ધાંતો પાળવાની છે. જીવનભર વિવિધ ઘટનાઓ ઉપર આડેધડ ટીકાટિપ્પણી કરીને ઉદ્દાત બન્યા પછી અત્યારે હું કબૂલ કરું છું કે માણસ નમ્ર અને વિવેકી બનવું જરૂરી છે.

- જોન ડગલાસ સ્પ્રીંગલ (અનુ. કાંતિ ભટ્ટ)

સાચને પડખે પરાજય હો ભલે,
તે છતાં પાછું હવે ફરવું નથી.

- મકરન્દ દવે

nehalgadhavi101@gmail.com

ભારતીયોમાં કોરોના વાયરલ ન્યુમોનિયા જલદી થતો નથી ?

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

ગયા અંકમાં સાદા ભોજન વિશે થોડી સમજ લીધી. ભારત અને બીજા દેશોમાં ખોરાકમાં શું તફાવત છે ? એ જાણવા આપણે થોડોક પ્રયત્ન કર્યો. એ સાબિત થઈ ગયું છે કે જેમાં ઈન્યુનિટી એટલે કે રોગપ્રતિકારક શક્તિ જે ભારતીય ખોરાકમાં છે. તેના કરતાં ઘણા ઓછા પ્રમાણમાં છે. ત્યારે પ્રશ્ન એ થાય કે ભારતમાં તો લોકો રોટલી, રોટલો કે ભાખરી સાથે ઘી હોય કે ગોળ હોય, કોઈ જગ્યા ઉપર કઠોળ પણ હોય અને શાકભાજી-શાક પણ હોય એમાં કયાંય પણ રોગપ્રતિકારક શક્તિ વધે એવું કંઈ લાગતું નથી. છતાં પણ ભારતીય લોકોને અને ખાસ કરીન જે લોકો બાજરીનો રોટલો, ડુંગલી, ગોળ ખાતા હોય છે એમને બેચારના નબીસમાં ઘી પણ નથી હોતું છતાં પણ બીજા કરતાં એમની રોગપ્રતિકારક શક્તિ વધારે હોય છે કેમ ? સવાલ થાય એમાં એક વસ્તુ જુદી પડે છે. મજૂરી કરનારા માણસો પોતાના શરીરને વધારે પડતો શ્રમ આપે છે. સાદા શબ્દોમાં કહીએ તો વધારે મજૂરી કરે છે એ વધારે મજૂરી અથવા તો વધારે કસરત કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે ?

બીજા દેશોમાં લોકો કેલરી માપીને ખાતા હોય છે. પોતાના શરીર માટે, રોગપ્રતિકારક શક્તિ માટે ઘણા બધા ડાયાટીસીયસને મંજુરી લેતા હોય છે. એ બધું સાચું પણ સાથે ખોરાક ઉપર ટ્રોપિંગ લાગવતા હોય છે. સાથે જુદા જુદા પ્રકારના કેમિકલ્સ ખોરાકને સ્વાદિષ્ટ બનાવવા લેતા હોય છે. કદાચ એ કેમિકલ્સના હિસાબે એમની રોગપ્રતિકારક શક્તિ ઓછી થઈ શકે ? કારણ કે કસરત તો એ લોકો પણ કરતાં હોય છે. હવે મુદ્દા પર આવીએ. ભારતમાં જેટલા કોરોના પોઝિટિવ આવ્યા તેમાંથી ૩૦ થી ૩૫ ટકા જેટલા લોકો સારા થઈ ગયા છે. થોડા વખતમાં ૫૦ કરતા વધારે અને ૧૫ દિવસમાં ૬૦ થી ૭૦ ટકા લોકો સારા થઈ જશે. જયારે અમેરિકામાં અન્ય દેશોમાં જે લોકો કોરોના થયો છે તેમનો મૃત્યુઆંક ઘણો વધારે છે.

એમાં આપમે ત્યાં જે મૃત્યુ થયાં છે તેમાં ૬૦ વર્ષથી ૮૦ વર્ષની વચ્ચે વાળા એટલે કે ઉંમરલાયક વાળાના મૃત્યુ વધારે થયા છે. જયારે બીજા દેશોમાં ઉંમરવાળાની સાથે સાથે ૪૦ થી ૬૦ વર્ષવાળા વ્યક્તિઓના પણ મૃત્યુ થયા છે. એટલે સવાલ એ થાય કે એવું કેમ ?

આપણા કરતા તબીબીક્ષેત્રે ખુબ જ આગળ પડતા દેશોમાં આવું કેમ બને. તેથી ફરી સાબિત એવું થાય છે કે આપણામાં રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

અમેરિકામાં એક હોસ્પિટલમાં ખાસ પરમિશન લઈને હું ઓપરેશન થિયેટરમાં ગયો હતો. ત્યાં ડૉક્ટર પાર્થિવ રાવલ કોરોનોસ્કોપી કરી રહ્યા હતા. તેમને એ દિવસે ૨૨ કોરોનોસ્કોપી કરી હતી. કોરોનોસ્કોપી એટલે શું ? ગુદાના માર્ગે કેમેરા નાખીને આંતરડાની તપાસ કરવાની જેમાં કેન્સર છે, પાઈલ્સ છે, કોલાઈટીસ છે એ તેઓ નિદાન કરે છે. જેમાં આંતરડામાં અલ્સર અથવા તો ચાંદા પડ્યા છે કે નહીં તેની પણ તપાસ કરવામાં આવે છે. એ ૨૨ દર્દીઓમાંથી પંદર દર્દી ભારતીયહતા. એટલે કે ભારતમાંથી ગયેલા હતા અને સાત દર્દીઓ અમેરિકાના હતા. પાર્થિવ રાવલે મને બતાવ્યું કે ભારતના લોકોમાં આંતરડાનાં કાં તો કોઈ રોગ નથી કાં તો એકદમ ચોખ્ખા આંતરડા છે. જયારે અમેરિકન દર્દીઓમાં આંતરડામાં થોડાં - થોડાં અંતરે ખાંચા પડેલા છે. એવું લગભગ બધા જ અમેરિકનોમાં હતું. ત્યારે સવાલ એ થાય કે આવું કેમ ? ડૉ. પાર્થિવ રાવલને મેં પ્રશ્ન કર્યો કે આવું કેમ છે ? તો એમને સમજાવ્યું કે આપણે ભારતીયો ખોાક લઈએ છીએ એ સાદા હોય છે? બનાવટી કેમિકલ્સવાળા, ટોપિગ્સ અથવા ચટણી આપણે નથી લેતા હોતા. ખાસ કરીને ચાઈનીઝ ખોરાકમાં જે કેમિકલ્સ વપરાય છે તે શરીરને નુકશાન કરે છે. ચાઈનામાં પણ આ પ્રકારની તકલીફ વધારે પ્રમાણમાં જોવા મળે છે. એટલે એટલું તો ફલિત થાય છે કે આપણો ભારતીય ખોરાક વધારે સારો છે. આપણે પણ નક્કી કરવું જોઈએ કે જંકફુડનો ત્યાગ કરવો જોઈએ. પીત્ઝા, બર્ગર, હૉટ ડોગ વગેરેને ત્યજવા જોઈએ. હવે વાત કરીએ કોરોનાની.

કોરોના જેને થયો હોય અને જેની રોગપ્રતિકારક શક્તિ સારી હોય એના ફેફસામાં ન્યુમોનિયા જેને વાયરલ ન્યુમોનિયા કહેવામાં આવ છે. એ ઓછો થાય છે. અથવા નથી થતો. બીજા દેશોમાં રોગપ્રતિકારક શક્તિ સારી હોય અથવા તો ખરાબ હોય તો પણ વાયરલ ન્યુમોનિયા થાય છે.

ભારતમાં આપણી જનસખ્યાના બરોબરીમાં ઘણાં જ ઓછા પ્રમાણમાં કોરોના થયો છે એમાં પણ ન્યુમોનિયા ઘણા ઓછો પ્રમાણમાં થયો છે એન તેને લીધે મૃત્યુઆંક પણ વધારે છે. પ્રશ્ન એ થાય કે ન્યુમોનિયામાં એવું શું થાય છે કે જેનાથી માણસ મૃત્યુ પામે છે. ફેફસાનાં ન્યુમોનિયાના લીધે ફેફસાંની કામ કરવાની શક્તિ ઓછી થઈ જાય છે. અથવા તો ફેફસાં કામ કરવાનાં બંદ કરી દે છે જેમાં કફ અને ચિકાસથી ફેફસાં ભરાઈ જાય છે.

આખા શરીરમાં ઓક્સિજન પહોંચાડવાનું કામ ફેફસાથી થતું હોય છે. ફેફસા કામ કરવાનું બંદ કરી દે છે એટલે શરીરના અવયવોમાં ઓક્સિજન મળી શકતો નથી. તેના લીધે ફેફસા, મગજ, કીડની વગેરે કામ કરવાનું બંધ થઈ જાય છે. કોરોનામાં ફેફસામાં ફેફસાં સુધી જે નળીયો લોહી લઈ આવે છે તે નળીયો લોહી ગંઠાઈ જાય છે અને તેને લીધે ફેફસાં કામ કરતાં બંધ થઈ જાય છે. એટલે ફરી યાદ અપાવું જોઈએ કે જો રોગપ્રતિકારક શક્તિ વધારે હોય તો ફેફસાંની અંદર કફ અને ચિકણો પદાર્થ વધારે પ્રમાણમાં જમા થતો નથી. અને થાય તો શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે હોવાને લીધે ન્યુમોનિયા જલ્દી થતો નથી.